# સફેદ મૂસળીની સફળ ખેતી

<u>વ્યદકિતગત માહિતી</u>



| | | |
|---|---|---|
| ખેડૂતનું નામ | : | કનુભાઇ કેશવભાઇ કાનપરીયા |
| ઉંમર | : | ૫૪ વર્ષ |
| શિક્ષણ | : | એસ.એસ.સી |
| જમીન | : | ૫ હેકટર |
| ખેતીનો અનુભવ | : | ૨૮ વર્ષ |
| પાકો | : | કપાસ, ડુંગળી, મગફળીળી , ઘઊ |
| પશુપાલન | : | ગાય,ભેસ |

કનુભાઈ શરૂઆતમાં કપાસ , મગફળી અને ઘઉં જેવા પાકો વાવતા હતા . પણ એમને ખેતીમાં નવુ કરવાની ઈચ્છા થતા , તેમણે જૂનાગઢ કૃ ષિ યુનિર્વસર્ટી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી અને બીજા સફેદ મુસળીની ખેતી કરતા હોય તેવા ખેડૂતોની મુલાકાત કરી અને મુસળીનું જ્ઞાન મેળવ્યુ. સૌપ્રથમ તેઓએ મુસળીનું બિયારણ નાંદુરા (મહારાષ્ટ્ર) થી લાવ્યા અને વાવેતર કર્યુ . તેમની ખંત અને મહેનતથી પ્રથમ વર્ષ તેમને ૩૫૦૦-૪૦૦૦ કિ / હે. લીલી સફેદ મુસળીનું ઉત્પાદન મળ્યુ પછી આ સફેદ મુસળીની પ્રકિયા કરી તેને સુકવીને દિલ્હીની માર્કટમાં મોકલી અને સારો એવો નફો તેમને મળ્યો.

તેમનાં જણાવ્યા અનુસાર એક હેકટરમાં સફેદ મુસળીને વાવેતર કરવાનો ખર્ચ ૯૦,૦૦૦ થી ૧,૨૦,૦૦૦ સુધી આવેલો હતો. પણ મુસળીનો ભાવ સારો મળતો તેમને એક હેકટરમાં ૫ ,૦૦,૦૦૦ થી ૫,૫૦,૦૦૦ જેટલો ફાયદો કે નફો સફેદ મુસળીમાંથી મળ્યો હતો. તેઓ સફેદ મુસળીને જુન-જુલાઈમાં વાવેતર કરે છે અને નવેમ્બર-ડીસેમ્બરમાં તેમની કાપણી કરે છે.

તેમની આ ટેકનોલોજીથી બીજા તે જ ગામના ચાર થી પાંચ ભાઈઓ અપનાવેલ છે અને તેમને પણ સારો ફાયદો મળ્યો.